આજે કાળી ચૌદસ : સૂર્યોદય પહેલાં સ્નાન અને સાંજે દીપદાનથી અકાળ મૃત્યુના ભયથી મળે છે મુક્તિ, દ્વાપર યુગ સાથે જોડાયેલી છે કથા

યમ ઉપાસના તેમજ મહાકાળીની પૂજાનું મહાત્મય



(પ્રતિનિધિ) વડોદરા તા.6

દિવાળીના મહાપર્વની પૂર્વસંધ્યાએ દેશભરમાં અત્યંત શ્રદ્ધા અને ઉત્સાહ સાથે કાળી ચૌદસ એટલે કે નરક ચતુર્દશીની ઉજવણી કરવામાં આવે છે. ધાર્મિક માન્યતાઓ અનુસાર આ દિવસ આળસ, અંધકાર અને નકારાત્મકતાને દૂર કરવાનો દિવસ છે. ખાસ કરીને બંગાળ સહિતના વિવિધ ક્ષેત્રોમાં આ પર્વને માતા મહાકાળીના પ્રાગટ્યોત્સવ અને શક્તિ આરાધનાના રૂપમાં વિશેષ મહત્વ આપવામાં આવે છે. પૌરાણિક કથા મુજબ, આ દિવસે જ ભગવાન શ્રીકૃષ્ણે અત્યાચારી રાક્ષસ નરકાસુરનો વધ કરીને હજારો બંદી બનેલી સ્ત્રીઓને મુક્તિ અપાવી હતી, જેથી આ દિવસ નરક ચતુર્દશી તરીકે પણ જાણીતો બન્યો. આ વર્ષે કાળી ચૌદસના પાવન અવસરે સૂર્યોદય પહેલાં સ્નાન કરી સ્વચ્છ વસ્ત્રો ધારણ કરવાનું વિશેષ મહાત્મય છે. પૂજા વિધિની વાત કરીએ તો, ઘરની ઈશાન દિશામાં ભગવાન શ્રીકૃષ્ણ, માતા કાળી, ભગવાન શિવ, યમરાજ અને હનુમાનજીની મૂર્તિ અથવા ચિત્ર સ્થાપિત કરી વિધિવત પૂજા અર્ચના કરવામાં આવે છે. જ્યોતિષાચાર્ય પ્રદીપ પંડ્યા અનુસાર "જ્યોતિષશાસ્ત્ર અને પંચાંગની ગણતરી મુજબ, ચતુર્દશી તિથિ એ નકારાત્મક ઊર્જા, માનસિક અશાંતિ અને રાહુ-કેતુના પ્રકોપ કે દોષોનું શમન કરવા માટે સર્વોત્તમ માનવામાં આવે છે. કાળી ચૌદસના દિવસે શક્તિની ઉપાસના અને યમદેવના નિમિત્ત દીપદાન કરવાથી કુંડળીમાં રહેલા અકાળ મૃત્યુ યોગ, પિતૃ દોષ તેમજ શત્રુપીડામાંથી રાહત મળે છે.

દીપદાન અને યમ ઉપાસનાનું રહસ્ય

કાળી ચૌદસની સાંજે ઘરના ઉંબરે કે મુખ્ય દ્વાર પર દીવો પ્રગટાવવાનું માત્ર સાંસ્કૃતિક રીતિ જ નથી, પરંતુ તેના પાછળ ગહન આધ્યાત્મિક અને વૈજ્ઞાનિક રહસ્ય છુપાયેલું છે. રાજા બલિ અને યમરાજ સાથે જોડાયેલી પૌરાણિક કથા અનુસાર, આ દિવસે યમદેવની આરાધના કરવાથી અકાળ મૃત્યુ અને નરક સમાન યાતનાઓમાંથી મુક્તિ મળે છે. સાંજ પડતાં જ પ્રગટાવવામાં આવતા આ દીવાઓ ન માત્ર નકારાત્મક ઊર્જા અને અંધકારને દૂર કરે છે, પરંતુ પરિવારના જીવનમાં સુખ, શાંતિ, આરોગ્ય અને અખંડ ઊર્જાનો સંચાર કરે છે. આ દીપદાન પરિવારના રક્ષણ અને પિતૃઓની શાંતિ માટેનું એક અત્યંત શ્રદ્ધાપૂર્વકનું સોપાન છે.

સોનામાં પ્રતિ તોલા ૩૦૦૦ ઘટ્યુ

વડોદરાના સારા ગણદેવીકર જ્વેલર્સમાંથી જ 3 કિલો સોનું ઉપડ્યું

દિવાળી અને ધનતેરસના પાવન પર્વે સોનાના બજારમાં ગ્રાહકો માટે ધમાકેદાર ખુશીના સમાચાર આવ્યા છે. લાંબા સમયથી આકાશને આંબી રહેલા સોનાના ભાવમાં પ્રતિ તોલા (૧૦ ગ્રામ) દીઠ રૂ. ૩૦૦૦ જેટલો રાહતરૂપ ઘટાડો નોંધાતાં જ સોની બજારોમાં ખરીદી માટે ભારે પડાપડી જોવા મળી રહી છે. સોનાના ભાવમાં અચાનક આવેલી આ નરમાઈના કારણે તહેવારોની મોસમમાં ગ્રાહકોમાં ભારે ઉત્સાહ છવાઈ ગયો છે. આ વર્ષે ખરીદીના ટ્રેન્ડમાં ફેશન અને મોર્ડન લુક આપતાં રોઝ ગોલ્ડ તથા સ્ટાઇલિશ બ્રેસલેટ ગ્રાહકોમાં હોટ ફેવરિટ બન્યા છે. આ સિવાય લાંબા ગાળાના આર્થિક રોકાણને ધ્યાનમાં રાખીને અનેક ગ્રાહકો સોનાના સિક્કા અને બિસ્કિટની ખરીદી પર પણ વિશેષ ભાર મૂકી રહ્યા છે. સંસ્કારી નગરી વડોદરામાં પણ ધનતેરસના દિવસે સોના-ચાંદીની ખરીદીનો જબરદસ્ત માહોલ જોવા મળ્યો હતો. સમગ્ર વડોદરા શહેરમાં આજે અંદાજે ૩૦ કિલો જેટલું સોનું વેચાયું હોવાનું બજારના વર્તુળોમાંથી જાણવા મળ્યું છે. શહેરના પ્રખ્યાત દાંડિયા બજાર સ્થિત આવેલા જાણીતા સારા ગણદેવીકર જ્વેલર્સ ખાતે સવારથી જ સોનું ખરીદવા માટે ગ્રાહકોની ભારે ભીડ અને લાંબી કતારો જોવા મળી હતી.





અટલાદરા સ્વામિનારાયણ મંદિર ખાતે 8100 દીપકોનો ઝગમગાટ : દીપાવલી પર્વનો શુભારંભ

દીપાવલી એટલે પ્રકાશ, ભક્તિ અને આનંદનો પર્વ. આ પર્વના પ્રારંભે બી.એ.પી.એસ. શ્રી સ્વામિનારાયણ મંદિર, અટલાદરા ખાતે 8100 દીપ પ્રજ્વલિત કરીને દીપાવલી ઉત્સવનો ભવ્ય શુભારંભ કરવામાં આવ્યો હતો.આજે રમા એકાદશીથી 14 નવેમ્બર લાભ પાંચમ સુધી ચાલનારા દસ દિવસીય દીપાવલી પર્વના પ્રારંભ નિમિત્તે આયોજિત આ કાર્યક્રમ મંદિરના 81 વર્ષ પૂર્ણ થવાની સ્મૃતિરૂપે યોજાયો હતો. ભારતીય પરંપરા અનુસાર કોઈપણ શુભ કાર્યનો પ્રારંભ દીપ પ્રાગટ્યથી કરવામાં આવે છે, તે પરંપરાને અનુસરીને આ વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાત હજાર વિદ્યુત દીપ અને 1100 માટીના દીવડાઓ પ્રજ્વલિત કરવામાં આવ્યા હતા. બાળ-બાલિકાઓ અને ભાવિક ભક્તોએ ઉત્સાહપૂર્વક દીવડાઓ પ્રગટાવ્યા હતા. હજારો દીપકોના એકસાથે ઝળહળતા પ્રકાશથી મંદિર પરિસર જાણે તારાઓથી શોભતા આકાશ જેવું સુંદર દૃશ્ય સર્જી રહ્યું હતું.આ ઉપરાંત મંદિર પરિસરની વિવિધ ઇમારતો પર કરવામાં આવેલી આકર્ષક વિદ્યુત રોશનીએ સમગ્ર વાતાવરણને ઉત્સવમય બનાવી દીધું હતું. મંદિરની આ રોશની માત્ર ભાવિક ભક્તો માટે જ નહીં, પરંતુ ત્યાંથી પસાર થતા રાહદારીઓ માટે પણ આકર્ષણનું કેન્દ્ર બની હતી.



તસવીર : રણજીત સૂર્વે

છેલ્લાં 15 વર્ષથી પરંપરા રંગોળી કલાકાર ગ્રુપ દ્વારા રંગોળી પ્રદર્શનનું આયોજન કરવામાં આવે છે. આ પ્રદર્શન દ્વારા નવા અને ઉભરતા કલાકારોને પોતાની કલાને રજૂ કરવાની સુંદર તક આપવામાં આવે છે. આ વર્ષે પણ 16મા વર્ષમાં આ પરંપરાને જાળવી રાખતાં અમે રંગોળી પ્રદર્શનનું આયોજન કર્યું છે.

દિવાળીની ફેબ્રિક પેનલ LED લાઇટિંગથી સજાવો ઘરનું ઇન્ટિરિયર!



દિવાળી એટલે રોશની, રંગોળી અને સજાવટનો તહેવાર. આ પર્વમાં દરેક વ્યક્તિ પોતાના ઘરને કંઈક અલગ અને આકર્ષક રીતે સજાવવાની ઇચ્છા રાખે છે. અત્યાર સુધી ઘરની સજાવટ માટે પરંપરાગત દીવાઓ, રંગબેરંગી લાઇટિંગ અને ડેકોરેટિવ લેમ્પ્સનો ઉપયોગ થતો હતો, પરંતુ હવે ઇન્ટિરિયર ડિઝાઇનિંગની દુનિયામાં એક નવો ટ્રેન્ડ ઝડપથી લોકપ્રિય બની રહ્યો છે - ફેબ્રિક પેનલ LED લાઇટિંગ. ફેબ્રિક પેનલ LED લાઇટિંગ માત્ર પ્રકાશ આપવાનું માધ્યમ નથી, પરંતુ ઘરની સુંદરતામાં ચાર ચાંદ લગાવતું આધુનિક ડેકોરેશન સોલ્યુશન છે. તેમાં LED લાઇટ્સને વિશિષ્ટ ફેબ્રિક પેનલની પાછળ ફિટ કરવામાં આવે છે, જેના કારણે પ્રકાશ સીધો આંખોમાં પડવાને બદલે નરમ અને આકર્ષક રીતે ફેલાય છે. પરિણામે ઘરમાં એક શાંત, આરામદાયક અને પ્રીમિયમ વાતાવરણ ઊભું થાય છે. આ લાઇટિંગની સૌથી મોટી વિશેષતા તેની ડિઝાઇન છે.

મેળ ખાતી ડિઝાઇન પસંદ કરીને ઘરના ઇન્ટિરિયરને નવી ઓળખ આપી શકાય

જ્યોમેટ્રિક પેટર્ન, ફ્લોરલ ડિઝાઇન, પરંપરાગત મોટિફ્સ અને આધુનિક આર્ટવર્ક જેવા અનેક વિકલ્પો ઉપલબ્ધ છે. ઘરની દિવાલો, બેડરૂમ, લિવિંગ રૂમ અને અન્ય જગ્યાઓને અનુરૂપ કસ્ટમાઇઝ્ડ પેનલ તૈયાર કરાવી શકાય છે.ખાસ વાત એ છે કે આ પેનલ્સ મોડ્યુલર સિસ્ટમ પર આધારિત હોવાથી જરૂરિયાત અને જગ્યાના માપ પ્રમાણે તેને ફિટ કરી શકાય છે. દિવાલની સજાવટ સાથે મેળ ખાતી ડિઝાઇન પસંદ કરીને ઘરના ઇન્ટિરિયરને નવી ઓળખ આપી શકાય છે.

બે શખ્સની ધરપકડ કરવામાં આવી

કરજણ પોલીસે મોપેડ અને કારમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો

કાશીપુરા તરફથી દારૂની હેરાફેરીની બાતમીના આધારે કાર્યવાહી, રૂ.7.26 લાખનો મુદ્દામાલ કબજે



(પ્રતિનિધિ) વડોદરા, તા.6

કરજણ પોલીસ દ્વારા વિદેશી દારૂની હેરાફેરી સામે કાર્યવાહી કરી મોપેડ અને કારમાં લઈ જવાતો દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે કાશીપુરા તરફથી આવતા બે વાહનોને અટકાવી તપાસ કરતાં વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે અમિત વસાવા અને ઋત્વિક રોકિત નામના બે શખ્સોની ધરપકડ કરી રૂ.7.26 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. કરજણ પોલીસ સ્ટાફને બાતમી મળી હતી કે કાશીપુરા તરફથી એક મોપેડ અને કારમાં વિદેશી દારૂનો જથ્થો લઈ જવામાં આવી રહ્યો છે. જેના આધારે પોલીસે વોચ ગોઠવી બંને વાહનોને અટકાવી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન વિદેશી દારૂનો જથ્થો મળી આવતાં પોલીસે બંને શખ્સોને ઝડપી પાડ્યા હતા. પોલીસે દારૂ અને વાહનો સહિત રૂ.7.26 લાખનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દિવાળીના તહેવારે પિતાની રાહ જોઈ રહેલાં સંતાનો

સાળા-બનેવીનું નેશનલ હાઈવે પર અકસ્માત, બનેવીનું મોત

(પ્રતિનિધિ) વડોદરા, તા.6

દિવાળીના તહેવારમાં પરિવાર સાથે ઉજવણી કરવા વતન જઈ રહેલા બે યુવકો માટે વડોદરા નજીક નેશનલ હાઈવે-48 પર જાંબુવા બ્રિજ મોતનો માર્ગ બન્યો હતો. સુરતથી મધ્યપ્રદેશના રતલામ બાઈક પર જઈ રહેલા સાળા-બનેવીને મોડી રાત્રે અજાણ્યા વાહને અડફેટે લેતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં બનેવી સંજય મહિડાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે સાળા રાજપાલ ચરપોટા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં એસએસજી હોસ્પિટલમાં ખસેડાયા હતા. દિવાળીના તહેવારની ખુશીઓ વચ્ચે સર્જાયેલા આ અકસ્માતે એક પરિવારની ખુશી માતમમાં ફેરવી નાખી છે. પ્રાથમિક માહિતી મુજબ, મધ્યપ્રદેશના રતલામ જિલ્લાના લૂખીપાડા ગામના વતની સંજય મહિડા અને રાજપાલ ચરપોટા લાંબા સમયથી સુરત ખાતે રહીને કામ કરતા હતા. દિવાળીની રજાઓ પડતાં બંને યુવકો બાઈક પર પોતાના વતન જવા નીકળ્યા હતા. દરમિયાન વડોદરા નજીક જાંબુવા બ્રિજ પર પહોંચતા જ મોડી રાત્રે અકસ્માત સર્જાયો હતો. અજાણ્યા વાહનની ટક્કર વાગતાં બંને યુવકો રસ્તા પર ફંગોળાયા હતા. અકસ્માત એટલો ગંભીર હતો કે સંજય મહિડાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે ગંભીર ઈજાઓ સાથે રાજપાલ ચરપોટાને 108 એમ્બ્યુલન્સ મારફતે એસએસજી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. મૃતક સંજય મહિડા બે સંતાનોના પિતા હોવાનું જાણવા મળ્યું છે. દિવાળીના તહેવારે પિતાની રાહ જોઈ રહેલાં સંતાનો અને પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે.

સમયસૂચકતા અને સાવચેતીથી મોટી તબાહી બચી ગઈ

પોલો ગ્રાઉન્ડ ફટાકડા બજારમાં શોર્ટ સર્કિટથી ગભરાટ ફેલાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.6

વડોદરા શહેરના પોલો ગ્રાઉન્ડ ખાતે લાગેલા ફટાકડા બજારમાં આજે એક મોટી હોનારત થતા થતા રહી ગઈ હતી. દિવાળી પૂર્વે દુકાનો સજ્જ થઈ ગઈ હતી અને ગ્રાહકોની ભીડ જામવા લાગી હતી, ત્યારે અચાનક શોર્ટ સર્કિટ થતા સમગ્ર બજારમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. પ્રાપ્ત વિગતો મુજબ, બજારમાં એક દુકાન પાસે વીજ વાયરમાં અચાનક શોર્ટ સર્કિટ થયો હતો. સ્પાર્ક સાથે ધુમાડો નીકળતા જ વેપારીઓ અને ગ્રાહકોમાં દોડધામ મચી ગઈ હતી. ફટાકડાના જથ્થા વચ્ચે જો આગ લાગી હોત તો કલ્પના પણ ન કરી શકાય તેવી તબાહી સર્જાઈ હોત. પરંતુ ત્યાં હાજર વેપારીઓ અને લોકોએ સમયસૂચકતા દાખવી તાત્કાલિક વીજ પુરવઠો બંધ કરાવ્યો હતો અને ફાયર સેફ્ટીના સાધનોનો ઉપયોગ કરી સ્થિતિને કાબૂમાં લીધી હતી. આ ઘટનાને પગલે સૌને 2012ની તે ગોઝારી ઘટના યાદ આવી ગઈ હતી, જ્યારે પોલો ગ્રાઉન્ડના ફટાકડા બજારમાં ભીષણ આગ લાગી હતી. તે વખતે અનેક દુકાનો બળીને ખાખ થઈ ગઈ હતી અને મોટું નુકસાન થયું હતું. આજની ઘટનાએ ફરી એકવાર તે ભયાનક દ્રશ્યો તાજા કરી દીધા હતા. જોકે, આ વખતે સમયસર સાવચેતી



દાખવવામાં આવતા મોટી તબાહી બચી ગઈ હતી. ઘટના બાદ બજારમાં થોડીવાર માટે વેપાર અટકી ગયો હતો. લોકોએ વીજ વાયરોની તપાસ કરાવી અને સલામતીના પગલા લીધા બાદ ફરી બજાર રાબેતા મુજબ શરૂ થયું હતું. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ કે મોટું નુકસાન થયું નહોતું. ફટાકડા બજાર જેવા અતિ સંવેદનશીલ સ્થળે ફાયર સેફ્ટી અને સતર્કતા એ માત્ર વેપારી કે તંત્રની નહીં, સૌની સહિયારી જવાબદારી છે. વીજ વાયરોની યોગ્ય વ્યવસ્થા, ફાયર એક્સટિંગ્વિશરની ઉપલબ્ધતા અને ગ્રાહકોમાં જાગૃતિ જ આવી હોનારતોને ટાળી શકે છે. તંત્રએ પણ બજારમાં વીજ સલામતી અને ફાયર સેફ્ટીની ઝીણવટભરી તપાસ કરવી જોઈએ તેવી માગણી ઉઠી છે.

મિત્રના મકાનમાલિક સાથેના વિવાદનું રેકોર્ડિંગ ગ્રુપમાં મૂકતાં ચાર શખ્સોનો પિત્તો ગયો

વોટ્સએપ ગ્રુપમાં ઓડિયો મૂકતા વેપારીને ગોળી મારી દેવાની ધમકી

(પ્રતિનિધિ) વડોદરા, તા.6

વોટ્સએપ ગ્રુપમાં એક ઓડિયો રેકોર્ડિંગ મૂકવું ટ્રાન્સપોર્ટના વેપારીને ભારે પડ્યું હતું. મિત્રના મકાનમાલિક સાથેના વિવાદનું ઓડિયો રેકોર્ડિંગ ટ્રાન્સપોર્ટના ગ્રુપમાં મૂકતાં ચાર શખ્સો ઉશ્કેરાયા હતા અને વેપારીને નિશાન બનાવી ગાળો ભાંડી ગડદાપાટુનો માર માર્યો હતો. એટલું જ નહીં, બંદૂકની ગોળી મારી હત્યા કરી નાખવાની ધમકી આપી વડોદરા છોડીને જતા રહેવા દબાણ કર્યું હતું. વેપારીની ઓફિસે ફરી પહોંચી ધમકી આપતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. આ બનાવ અંગે બાપોદ પોલીસે ચાર શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. મૂળ હરિયાણાના ભિવાની જિલ્લાના દેવસર ગામનો અને હાલ આજવા રોડ પર સિદ્ધેશ્વર હિલ સ્કવેરમાં રહેતો 23 વર્ષીય અભિષેક ધર્મેન્દ્રસિંગ તનવર પેકર્સ એન્ડ મુવ નામે ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરે છે. અભિષેકના મિત્ર હિમાંશુ મુનેશ શર્માને તેના મકાનમાલિક રાકેશ દ્વારા મકાન ખાલી કરાવવા માટે હેરાન કરવામાં આવતો હોવાનો આક્ષેપ હતો. આ વિવાદને લગતું ઓડિયો રેકોર્ડિંગ હિમાંશુએ 29 ઓક્ટોબરે અભિષેકને મોકલ્યું હતું. અભિષેકે આ રેકોર્ડિંગ રાત્રે આશરે 11 વાગ્યે 'વડોદરા ટ્રાન્સપોર્ટ સોલ્યુશન' નામના વોટ્સએપ ગ્રુપમાં મૂકી દીધું હતું. આ ઓડિયો ગ્રુપમાં મૂકાતાં જ વિવાદ વકર્યો હતો. બીજા દિવસે સવારે મહેન્દ્ર શર્માએ અભિષેકને ફોન કરીને ઓડિયો ગ્રુપમાં મૂકવાનું કારણ પૂછ્યું હતું અને ક્યાં રહે છે તેની પૂછપરછ કરી મળવા આવવાનું જણાવ્યું હતું. ત્યારબાદ બપોરે સોનુ ગજરાજે અભિષેકને ઓફિસની બાજુમાં બોલાવ્યો હતો. ત્યાં રાકેશનો ઓડિયો વાયરલ કેમ કર્યો તેમ કહી ગાળો ભાંડી હતી અને બંદૂકની ગોળી મારી જાનથી મારી નાખવાની ધમકી આપી ગડદાપાટુનો માર માર્યો હતો. આ દરમિયાન મહેન્દ્ર શર્મા, રાજેશ કૌશિક અને મહેન્દ્ર ઝાંઝરિયા પણ ત્યાં આવી પહોંચ્યા હતા. જોકે, સંદીપસિંગ રાઠોડ, પ્રદીપ પુનિયા, સુમિત ઝાંગડા અને હિતેષ શ્યોરા વચ્ચે પડતાં અભિષેક વધુ મારમાંથી બચ્યો હતો. મહેન્દ્ર શર્માએ તો અભિષેકને વડોદરા છોડી દેવા ચેતવણી આપતાં કહ્યું હતું કે, 'તું વડોદરા છોડીને જતો રહેજે, નહીં તો તારું મર્ડર કરાવી નાખીશ.' આટલેથી મામલો અટક્યો નહોતો. 1 નવેમ્બરના રોજ સાંજે ચાર વાગ્યે મહેન્દ્ર શર્મા અને સોનુ ગજરાજ ફરી અભિષેકની ઓફિસે પહોંચી ગયા હતા અને ગાળો ભાંડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

મગરનું રેસ્ક્યૂ કરાતાં રહીશોમાં હાશકારો

તરસાલીની સોસાયટીમાં મગર ઘૂસી આવતા ફફડાટ

બાલાજી રેસિડેન્સીમાં મોડી રાત્રે મગર દેખાતા દોડધામ,બાળકની સતર્કતાથી ટળી મોટી દુર્ઘટના



(પ્રતિનિધિ) વડોદરા, તા.6

તરસાલી બાયપાસ નજીક આવેલી બાલાજી રેસિડેન્સીમાં ગઈકાલે મોડી રાત્રે એક મગર આવી પહોંચતા સમગ્ર સોસાયટીમાં ભારે ફફડાટ અને દોડધામ મચી ગઈ હતી. રહેણાક વિસ્તારમાં અચાનક મગર દેખાતા લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા અને થોડીવાર માટે ભયનો માહોલ છવાઈ ગયો હતો. પ્રાપ્ત વિગતો મુજબ, સોસાયટીના એક નાના બાળકની નજર અચાનક મગર પર પડી હતી. બાળકે ગભરાયા વગર તુરંત જ પરિવારજનોને જાણ કરતા પરિવાર સતર્ક થઈ ગયો હતો. બાળકની આ સતર્કતાને કારણે જ મોટી દુર્ઘટના ટળી હતી, તેમ સ્થાનિકો જણાવી રહ્યા છે. બાળકની બૂમ સાંભળી આસપાસના રહીશો પણ તુરંત જ સ્થળ પર એકઠા થઈ ગયા હતા. પરિવારજનો અને સ્થાનિક લોકોએ તાત્કાલિક કાર્યવાહી કરીને મગરને સુરક્ષિત રીતે રેસ્ક્યુ કરવાની કામગીરી હાથ ધરી હતી. સૌએ સાવચેતી રાખીને સમયસર મગરને સલામત રીતે પકડી લેતા સૌએ રાહતનો શ્વાસ લીધો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી. જોકે, રહેણાક વિસ્તારમાં અચાનક મગર આવી પહોંચવાની આ ઘટનાને પગલે સ્થાનિક રહીશોમાં ભય અને ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો.

લગ્નની લાલચ આપી ભગાડી ગયાની પાડોશી સામે ફરિયાદ

વરણામા ગામમાં એક જ દિવસમાં પરિણીતા અને યુવતીનું અપહરણ

પરિણીતાને અજાણ્યો શખસ ઉઠાવી ગયો હોવાની આશંકા

યુવતિને લગ્નના ઇરાદે ભગાડી ગયાની ફરિયાદ નોંધાઇ

(પ્રતિનિધિ) વડોદરા, તા.6

વડોદરા ગ્રામ્યના વરણામા પોલીસ સ્ટેશન વિસ્તારમાં યુવતીઓના અપહરણના બે અલગ-અલગ બનાવો સામે આવતાં ચકચાર મચી છે. એક બનાવમાં વરણામા ગામના જ યુવક સામે યુવતીને લગ્ન કરવાના ઇરાદે પટાવી-ફોસલાવી ભગાડી લઈ જવાની ફરિયાદ નોંધાઈ છે, જ્યારે બીજા બનાવમાં કપુરાઈ ગામના સરપંચવાળા ફળિયામાંથી એક પરિણીતાનું કોઈ અજાણ્યો શખસ અપહરણ કરી ગયો હોવાની ફરિયાદ નોંધાઈ છે. બંને બનાવોમાં પરિવારજનોએ શરૂઆતમાં યુવતીઓ પોતાની મેળે ઘરેથી જતી રહી હોવાની આશંકા રાખી ગુમ થયાની જાણ કરી હતી, પરંતુ બાદમાં શંકા જતાં પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પ્રથમ બનાવમાં વરણામા ગામે રહેતા યુવતીના પિતાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, ગત 27 ઓગસ્ટના રોજ વહેલી સવારે ત્રણથી છ વાગ્યાના સમયગાળા દરમિયાન કમલેશ યુવતીને તેની મરજી વિરુદ્ધ લગ્ન કરવાના અથવા લગ્નબાહ્ય સંબંધ બાંધવાના ઇરાદે પટાવી અપહરણ કરી ભગાડી ગયો હોવાનો આક્ષેપ છે. યુવતીના પિતાએ અગાઉ પુત્રી પોતાની મેળે જતી રહી હોવાનું માની ગુમ થયાની જાણ કરી હતી.

જોકે, પોતાની રીતે તપાસ કરતાં કમલેશ સામે શંકા મજબૂત બનતાં 5 નવેમ્બરે ફરિયાદ નોંધાવી હતી. બીજા બનાવમાં કપુરાઈ ગામમાં રહેતા યુવકની પત્નીનું ગત 2 સપ્ટેમ્બરની રાત્રે આઠ વાગ્યાથી 3 સપ્ટેમ્બરના વહેલી સવારે દોઢ વાગ્યા દરમિયાન કોઈ અજાણ્યો શખસ અપહરણ કરી ગયો હોવાની ફરિયાદ નોંધાઈ છે. અજાણ્યો શખસ મહિલાને ગુપ્ત રીતે અને ગેરકાયદેસર અટકાયતમાં રાખવાના ઇરાદે ઘરેથી લઈ ગયો હતો. પતિએ અગાઉ પત્ની પોતાની મેળે ઘરેથી જતી રહી હોવાનું માની ગુમ થયાની જાણ કરી હતી. જોકે, બાદમાં 5 નવેમ્બરે વરણામા પોલીસમાં અપહરણની ફરિયાદ નોંધાવી હતી.